# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) રાજ્યભરમાં આજે ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ સાથે ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

2) રાજ્યમાં ઉતરાયણ પર્વની ઉજવણી દરમિયાન 108 એમ્બ્યુલન્સ સેવાને સાંજના 6 વાગ્યા સુધીમાં 3 હજાર 707 ઈમરજન્સી કોલ મળ્યા હતા.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યમાં આધુનિક સુવિધાથી સજ્જ સૌથી મોટી પોલીસ લાઈન અને ઘાટલોડીયા પોલીસ મથકનું ખાતમુર્હૂત કર્યું.

4) છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં 583 બ્રેઈન ડેથ વ્યક્તિઓના અંગોના દાન થકી કુલ 1 હજાર 812 અંગોનું દાન મળ્યું

5) મહેસાણાના કડી અને વડનગરમાં ઘાતક દોરી વાગવાના કારણે બે વ્યક્તિના મોત થયા છે.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# UTTRAYAN UJAVANI

રાજ્યભરમાં આજે ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ સાથે ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

**(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)**

સમગ્ર રાજ્યમાં આજે સવારથી જ પતંગ રસિયાઓ ધાબા પર જઈને પતંગ ચગાવવાની મજા માણી રહ્યા છે. આ વખતે પવન પણ પતંગ રસિયાઓનો સાથ આપતો જોવા મળ્યો હતો.  પતંગ ચગાવવાની સાથે સાથે માથે કેપ અને ગોગલ્સ પહેરીને સંગીતના સથવારે ડીજેના તાલે થિરકતા પતંગબાજોએ "એ કાપ્યો છે અને લપેટ....લપેટના સૂત્રો સાથે વાતાવરણને  જીવંત અને ધબકતું બનાવી દીધુ હતું. લોકોએ દિવસભર  ઉંધુયી – જલેબી, બોર, તલના લાડુ તેમજ શેરડીની જયાફત માણી હતી.

ઉતરાયણ એ દાન કરવાનો પર્વ છે. આજે સવારથી લોકો પશુ – પક્ષીઓને ચણ – ઘાસ નિરતા જોવા મળ્યા હતા. આજે મોટાભાગના ધાર્મિક સ્થળોએ દર્શનાર્થીઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું.

આજના દિવસે કરૂણા અભિયાન અંતર્ગત ઇજાગ્રસ્ત પશુ પક્ષીઓને બચાવવાની કામગીરી કરાઇ હતી. સાંજના સમયે આકાશમાં તુકલ્લો પણ ઊડતી જોવા મળી હતી. તો બીજી તરફ 108 ઈમરજન્સી સેવાનો કર્મચારીઓ ખડેપગે ફરજ નિભાવી રહ્યા છે.

**અજય ઈન્દ્રકેર – આકાશવાણી સમાચાર, અમદાવાદ**

# Amit Shah – Kite Festival

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના મેમનગરમાં આવેલી શાંતિનિકેતન સોસાયટીમાં પ્રજાજનો વચ્ચે ઉતરાયણની ઉજવણી કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સહભાગી થયા હતા.

અમિત શાહે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોસાયટીના સભ્યો અને સ્થાનિકોનું અભિવાદન ઝીલ્યું હતું. અમિત શાહે ધાબા પરથી પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો. આ ઉપરાંત શ્રી શાહે અમદાવાદના ન્યુ રાણીપ ખાતે આર્યવિલા રેસીડેન્સી ખાતે પતંગ ચગાવ્યો હતો. તેઓ સાબરમતીના રામનગર ખાતે સ્થાનિકોને મળ્યા હતા અને નાના બાળકો સાથે વાતચીત પણ કરી હતી.

દરમિયાન અમિત શાહે સહ પરિવાર અમદાવાદના આવેલા પ્રસિદ્ધ ભગવાન જગન્નાથ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.

# SURAT - DIU – DAMAN - PATANG MAHOSTAV

સુરતના અડાજણ રિવરફ્રન્ટ પાસે આજે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ યોજાયો હતો. જેમાં દેશ-વિદેશના 75 પતંગબાજોએ ભાગ લીધો હતો.

સુરતના આંગણે દેશ-વિદેશના પતંગબાજોએ પોતાની વિવિધ શૈલીઓ પ્રદર્શિત કરી હતી. પતંગબાજોની સાથે સુરતના પતંગના શોખીનો પતંગબાજો પણ જોડાયા હતા.

દીવના નાગવા બીચ તથા ઘોઘલા બીચ ખાતે પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મોટી દમણ લાઈટ હાઉસ બીચ ખાતે કલાકારો દ્વારા વિભિન્ન આકર્ષિત પતંગ  ઉડાડવામાં આવી છે.

# UTTRAYAN DAND

સમગ્ર રાજ્યમાં ઉતરાયણનો તહેવાર પતંગ ઉડાડીને ઉજવવામાં આવે છે. પરંતુ બનાસકાંઠાના ધાનેરા તાલુકાના ફતેપુરા ગામમાં કોઈ પતંગ ઉડાડતું નથી, અને જો કોઈ ઉતરાયણના દિવસે પતંગ ઉડાડે તો તેને ગામના લોકો દંડ ફટકારે છે.

પ્રસ્તૃત છે, અમારા બનાસકાંઠાના પ્રતિનિધિનો એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ – સવજી ચૌધરી )**

# SIDHDHRAJSINH JAYSINH NIRVAN DIVAS

સમગ્ર રાજ્યમાં ઉત્તરાયણની કરાઇ હતી. ત્યારે પાટણ જિલ્લાના સિદ્ધપુર શહેરમાં આજે  રાજવી  સિધ્ધરાજ જયસિંહ સોલંકીના નિર્વાણ દિવસને લઈને પતંગો નહીં ચગાવવાની પરંપરા આજે પણ જળવાયેલી છે. અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે શહેરમાં સિધ્ધરાજ જયસિંહના અવસાન દિવસના માનમાં શોક મનાવીને ઉતરાયણના દિવસે પતંગો ચગાવવાથી લોકો દૂર રહ્યા હતા. આ અનોખી પરંપરા માત્ર સિધ્ધપુર શહેરમાં જળવાઈ રહેલી જોવા મળે છે.

# 108 EMERGENCY

રાજ્યમાં ઉતરાયણ પર્વની ઉજવણી દરમિયાન 108 એમ્બ્યુલન્સ સેવાનો સાંજના 6 વાગ્યા સુધીમાં 3 હજાર 707 ઈમરજન્સી કોલ મળ્યા હતા.

108 ઈમરજન્સી સેવાના જણાવ્યા મુજબ રાજ્યમાં આજે ઉતરાયણ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી દરમિયાન પતંગની દોરીના કારણે અનેક લોકોને ઈજા થવા પામી છે. સવારથી જ અલગ અલગ શહેરોમાં ઈમજન્સી ફરિયાદો મળતા 108 એમ્બ્યુલન્સ દોડતી રહી છે. અમદાવાદમાં સૌથી વધુ 732, સુરતમાં 320 ઈમરજન્સી કોલ મળ્યા હતા.

ઉતરાયણ પર્વ પર લોકોની સાથે સાથે અબોલ પશુ – પક્ષીઓ પણ ઈજાગ્રસ્ત થવાના બનાવમાં વધારો થયો છે. બપોરના ત્રણ વાગ્યા સુધીમાં કરૂણા એનિમલ એમ્બ્લ્યુલન્સે 866 ઈમરજન્સી કોલ મળ્યા હતા.

# Amit Shah – Police Line

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યમાં આધુનિક સુવિધાથી સજ્જ સૌથી મોટી પોલીસ લાઈન અને ઘાટલોડીયા પોલીસ મથકનું ખાતમુર્હૂત કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા ઘાટલોડીયા પોલીસ મથક બિલ્ડીંગ અને 920 પોલીસ પરિવાર માટેના 13 માળના 18 બ્લોકનું નિર્માણ કરવામાં આવશે.

આ પોલીસ લાઈનમાં પોલીસ પરિવાર માટે 930 કાર માટેનું બેઝમેન્ટ પાર્કિંગ, બે લિફ્ટ, ઓપન ગાર્ડન, વોટર હાર્વેસ્ટિંગ પદ્ધતિ, સોલાર રૂફટોપ, ઈલેક્ટ્રિક બેકઅપ સહિત ઉત્તમ અને આધુનિક સુવિધાઓ આપવામાં આવશે.

આ પોલીસ લાઈનમાં 18 બ્લોકમાંથી એક બ્લોક બે માળને પોલીસ સ્ટેશનમાં રૂપાંતરિત કરવામાં આવશે.

# ANGDAN MAHADAN

“અંગદાન મહાદાન” મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી ગુજરાત રાજ્ય અંગદાન ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહ્યું છે. છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં 583 બ્રેઈન ડેથ વ્યક્તિઓના અંગોના દાન થકી કુલ 1 હજાર 812 અંગોનું દાન મળેલું છે. જેમાં કિડની ટ્રાન્સપ્લાન્ટમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં મોખરે છે.

અંગદાન માટે કાર્યરત સ્ટેટ ઓર્ગન ટિસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન SATTOના કન્વીનર ડો. પ્રાંજલ મોદીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનથી રાજ્યમાં અંગદાન પ્રત્યેની જાગૃતિ ફેલાવવા અને વધુમાં વધુ અંગદાન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા અથાગ પ્રયાસ હાથ ધરાયા છે. તેથી મકરસંક્રાતિ પર્વ પર દરેક વ્યક્તિ અંગદાન માટે સંકલ્પબદ્ધ બને.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં 583 બ્રેઈન ડેથ, ડોનરમાંથી 994 કિડની, 508 લીવર, 130 હૃદય, 130 ફેફસાઓ, 15 સ્વાદુપિંડ, 10 નાનુ આંતરડું, 25 હાથના ડોનેશન મળી કુલ 1 હજાર 812 કેડવર મળ્યા છે.

# ACCIDENT

મહેસાણાના કડી અને વડનગરમાં ઘાતક દોરી વાગવાના કારણે બે વ્યક્તિના મોત થયા છે. અમારા મહેસાણાના પ્રતિનિધિ જણાવે છે કે, વડનગરમાં એક યુવકને ગળાના ભાગે દોરી વાગતા ઈજાગ્રસ્ત થતાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. કડીમાં પણ દોરી વાગવાના કારણે એક યુવકનું મોત થયું હતું.

બીજી તરફ તાપીના વ્યારામાં માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અમારા પ્રતિનિધી જણાવે છે કે, એક બાઈક ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત થયો હતો. જેમાં બે લોકો ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# Shabari Milan Divas

ભગવાન રામ અને માતા શબરી મિલન દિવસ નિમિત્તે આજે ડાંગના પંપા સરોવરથી શબરી ધામ સુધીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ.

આ પ્રસંગે શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજને હજારો વર્ષોથી પરંપરા મુજબ સમાજની મુખ્ય ધારામાં લાવવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર અનેકવિધ પગલા લઈ રહી છે.

**(બાઈટ – કુબેર ડિંડોર)**

આ પ્રસંગે બાલયોગી પીઠ ગણેશનાથજી શબરીધામ સ્વામી અસીમાનંદજી, રાજ્ય વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલ સહિત મોટી સંખ્યામાં સાધુ – સંતો ઉપસ્થિત રહ્યાં હતા. આ અવસરે બાળકો માટે ઉપયોગી એવી ‘શબરીની પ્રેરક માળા’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

## Rajypal Prakrutik Kheti

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જુનાગઢના માણાવદર તાલુકામાં મરમઠ ગામે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો.આ પ્રસંગે શ્રી દેવવ્રતે જમીનને બિનફળદ્રુપ બનતા અટકાવવા અને લોકોને વિવિધ જીવલેણ રોગથી બચાવવા પ્રાકૃતિક ખેતી ઉપયોગી હોવાનું જણાવ્યું હતું.તેમણે રાસાયણિક ખેતી માનવજીવન અને પર્યાવરણને કઈ રીતે નુકસાન કરે છે તે વિવિધ દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ લોકોને મકરસંક્રાતિના તહેવારની શુભકામના પાઠવી હતી.

## SOMNATH MANDIR - UTTRAYAN

મકરસંક્રાતિના પાવન પર્વ પર શ્રી સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં સૂર્યપૂજા, ગૌપૂજા સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યોમાં ભક્તોએ લાભ લીધો હતો.

સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ કહ્યું હતું કે, સોમનાથના ગૌપૂજનમાં ઓનલાઈન ભક્તો પણ જોડાયા હતા.

**(બાઈટ – વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર- સોમનાથ મંદિર)**

સાળંગપુર ધામ શ્રી કષ્ટભજન દેવ હનુમાનજી મંદિરે દાદાને પતંગના વાઘાનો શણગાર, મંદિરને રંગબેરંગી પતંગ ફિરકીનો શણગાર તેમજ મમરા – તલના લાડુ, કાળા – સફેદ તલ – દાળિયાની ચીકી, સીંગ, ખજૂર, ડ્રાયફ્રૂટ, ટોપરા વગેરેના પાક અને કચરીયાનો અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો.